SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

# પરિપત્ર

આથી એમ.ફીલ. તથા પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવતા વિભાગો/કોલેજો/ઇન્સ્ટીટયૂટને જણાવવામાં આવે છે કે, તારીખ : ૧૭/૦૭/૨૦૧૯ના રોજ માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં કુલપતિશ્રીના કાર્યાલય ખાતે આર્ટસ ફેકલ્ટીના તમામ વિભાગોના વડાશ્રીઓની તાકીદની સભા પીએચ.ડી.ની થિસિસ તથા એમ.ફીલ.નું ડેઝરટેશન ગુજરાતી ભાષામાં લખવા તથા અન્ય બાબતો માટે સભામાં ચર્ચા વિચારણના અંતે કરવામાં આવેલ નીચે મુજબની ભલામણો પરત્વે કાર્યવાહી કરવાની રહેશે.

Entrance Test બાબતે

૧) યુનિવર્સિટી R.Ph.D. 10.5 મુજબ યુનિવર્સિટી M.Phil/Ph.D. Entrance Test માટે વિભાગ દ્વારા પ્રમાણિત કરેલ અભ્યાસક્રમ યુનિવર્સિટીમાં દર વર્ષે જૂન મહિનામાં જમા કરાવવાનો રહેશે. માનનીય કુલપતિશ્રી દ્વારા M.Phil/Ph.D. Entrance Testનું પ્રશ્નપત્ર તૈયાર કરવા માટે એક બાહય તજજ્ઞની નિમણુંક કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા સદર બાહય તજજ્ઞને વિભાગ દ્વારા પ્રમાણિત કરેલ અભ્યાસક્રમ પ્રવેશ પરીક્ષા અગાઉ મોકલી આપવાનો રહેશે, તથા બાહ્ય તજજ્ઞે અભ્યાસક્રમ મુજબ પ્રશ્નપત્ર તૈયાર કરી યુનિવર્સિટીમાં નિયત તારીખમાં જમા કરાવવાનું રહેશે.

૨) એમ.ફીલ. તથા પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષાના વિદ્યાર્થીઓની ઉત્તરવહીના મૂલ્યાંકન અર્થે માનનીય કુલપતિશ્રી દ્વારા એક બાહય તજજ્ઞ તથા એક આંતરિક તજજ્ઞ (વિભાગીય શોધ સમિતિના સભ્ય)ની નિમણુંક કરવામાં આવશે, જેમના દ્વારા મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

Progress Report બાબતે

૧) પીએચ.ડીમાં પ્રવેશ પામનાર તમામ વિદ્યાર્થીઓ માટે દરેક વિભાગે દર ૬ મહિને (જાન્યુઆરી તથા જુલાઇના અંતિમ અઠવાડિયામાં વિદ્યાર્થીઓના પ્રોગ્રેસ રિપોર્ટના Presentation માટે વિભાગ ખાતે વિભાગીય શોધ સમિતિ બોલાવવાની રહેશે, તથા વિભાગે યુનિવર્સિટી વેબસાઇટ પર Schedule જાહેર કરવાનું રહેશે અને તેની એક નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. વિભાગના તમામ માર્ગદર્શકશ્રીઓએ પોતાના તમામ વિદ્યાર્થીઓ સાથે કુલપતિશ્રીએ નિયુકત કરેલ અન્ય વિભાગોના એક કે બે વડાશ્રીઓ અથવા બાહ્ય તજજ્ઞ સમક્ષ ઉપસ્થિત રહેવું પડશે.

૨) યુનિવર્સિટી R.Ph.D. 11.2 મુજબ પીએચ.ડીના વિદ્યાર્થીઓએ દર છ મહિને ટર્મ ફી ભરવાના સમયે વિભાગે જાહેર કરેલ Schedule મુજબ વિભાગીય શોધ સમિતિ સમક્ષ પોતાના કાર્યની રજૂઆત કરવાની રહેશે અને પોતાના પ્રોગ્રેસ રિપોર્ટમાં દર્શાવવાની રહેશે. વિદ્યાર્થીઓના પ્રોગ્રેસ રિપોર્ટ ઉપર વિભાગીય શોધ સમિતિના દરેક સભ્યશ્રીઓએ, માર્ગદર્શક અને ઉપસ્થિત રહેલ વડાની સહી સાથે પ્રોગેસ રિપોર્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે ત્યારબાદ જ ટર્મ ફી ભરી શકાશે.

ચાલુ...

Thesis in Gujarati Language બાબતે

૧) એમ.ફીલ./પીએચ.ડી.ના જે વિદ્યાર્થીઓ પોતાની થિસિસ ગુજરાતી ભાષામાં રજૂ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ માનનીય કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. જે વિદ્યાર્થીઓને માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવે તેવા વિદ્યાર્થીઓની થિસિસ જમા કરાવવા માટે વિભાગીય શોધ સમિતિના તમામ સભ્યો દ્વારા વિદ્યાર્થીની થિસિસમાં લખાણ મૌલિક અને અલાયદું છે તથા વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીની થિસિસ તથા અન્ય સાહિત્યમાંથી ઉઠાતંરી કરી નથી તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૨) પીએચ.ડી. તથા એમ.ફીલ.ના જે વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં થિસિસ જમા કરાવવાની મંજૂરી મળી હોય તેવા વિદ્યાર્થીઓ માટે વિભાગના વડાશ્રી દ્વારા તેમના વિભાગના સિનિયર અધ્યાપક તથા નિવૃત્ત અધ્યાપકના નામોની યાદી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, જેમાંથી અથવા અન્ય માનનીય કુલપતિશ્રી જે અધ્યાપકને નિયુકત કરે તે અધ્યાપકે વિદ્યાર્થીની થિસિસની ચકાસણી કરી વિદ્યાર્થીની થિસિસમાં લખાણ મૌલિક અને અલાયદું છે તથા વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીની થિસિસ તથા અન્ય સાહિત્યમાંથી ઉઠાતંરી કરી નથી તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

Plagiarismની ચકાસણી કરવા બાબતે થિસિસની Soft Copy જમા કરવા અંગે અગત્યની સૂચના

યુનિવર્સિટી માર્ગદર્શકશ્રીઓએ એમ.ફીલ./પીએચ.ડી.ની થિસિસનું પ્લેગેરિઝમ ચેક કરાવવા માટે વિદ્યાર્થીના માર્ગદર્શકશ્રીના ઇ-મેઇલ એડ્રેસ પરથી વિદ્યાર્થીની થિસિસની Soft Copy PDF File યુનિવર્સિટીના **academic_plagiarism@spuvvn.edu** ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવાની રહેશે, જેનો પ્લેગેરિઝમ રિપોર્ટ યુનિવર્સિટીના એકેડેમિક વિભાગ કરાવશે તથા પરીક્ષા વિભાગના પ્લેગેરિઝમના ઇ-મેઇલ એડ્રેસ તથા માર્ગદર્શકશ્રીના ઇ-મેઇલ પર મોકલવામાં આવશે. વધુમાં વિદ્યાર્થીના માર્ગદર્શકશ્રીએ તથા વડાશ્રીએ વિદ્યાર્થીના ચેકલીસ્ટ ઉપર વિદ્યાર્થીઓના દસ્તાવેજો ચકાસ્યા છે તે અંગેની નોંધ કરવાની રહેશે.

નં. ડી/ઈ/૧૦/૨૫૮૯ Sd/-
તારીખ :૨૨/૦૮/૨૦૧૯ કાર્યકારી કુલસચિવ
વલ્લભ વિદ્યાનગર

પ્રતિ,

૧. એમ.ફીલ. તથા પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવતા વિભાગો/કોલેજો/ઈન્સ્ટીટયૂટ તરફ
૨. કા.નાયબ કુલસચિવશ્રી, પરીક્ષા વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ
૩. વડાશ્રી, ભાઇકાકા લાયબ્રેરી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ વિદ્યાર્થીઓના પ્લેગેરિઝમ રિપોર્ટ એકેડેમિક વિભાગના ઉપરોકત ઇ-મેઇલ પર તથા તેની એક નકલ પરીક્ષા વિભાગના ઇ-મેઇલ **exam_plagiarism@spuvvn.edu** પર મોકલવા બાબત..